Shree Ghoghari Lohana Mahajan, Mumbai (પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬-બી)

# શ્રી ઘોઘારી લોહાણા સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈનું મુખપત્ર

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪

ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા

વર્ષ - ૩ | અંક - ૧ | જાન્યુઆરી ૨૦૧૮



## પ્રમુખ સ્થાનેથી

આત્મીય જ્ઞાતિજનો,

સાલ મુબારક! આપ સૌએ દિવાળી, નવું વર્ષ, નાતાલ બધુ ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવ્યું હશે. વિક્રમ સવંત ૨૦૭૪ નો આ પ્રથમ અંક આપની સમક્ષ મૂકતાં આનંદ અનુભવાય છે.

ફરી એકવાર આપણી સંસ્થાએ ગુમાવેલ મહાનુભાવો શ્રી કનૈયાલાલ અમૃતલાલ મગદાણી, શ્રી મગનભાઈ સાયાણી, શ્રી શશીકાંતભાઈ જીવરાજ વસાણી, શ્રી ભીખાલાલ જાદવજી મસરાણી તથા શ્રી દિનેશભાઈ વિઠલાણીને ભાવપૂર્વક શ્રધ્ધાંજલીઅર્પણ કરું છું.

આપણી જ્ઞાતિના ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી વિનોદભાઈ નાનાલાલ ગઢિયા તથા ભૂતપૂર્વ માનદ્‌મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ કારિયા, પ્રેરણાસ્ત્રોત સમાન આ બન્ને વરિષ્ઠ નાગરિકોનું સન્માન કરતા આનંદ અનુભવું છું.

યુવા પ્રતિભા શ્રી કરણભાઈ ઠક્કર જેઓ ઈ-વેસ્ટ રિસાયકલીંગ ક્ષેત્રે નિષ્ણાત છે. અને શ્રી વિક્રમભાઈ રાયચુરા જેઓ ઈન્ટરનેટ માર્કેટિંગ ક્ષેત્રે અગ્રેસર છે. તેમને બિરદાવતાં વિશેષ ગર્વ અનુભવું છું.

આપણી જ્ઞાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું બહુમાન કરતાં આનંદની લાગણી અનુભવું છું. ભવિષ્યમાં વધુને વધુ યુવા વિદ્યાર્થીઓનું બહુમાન કરવાની તક મળે તેવી આશા રાખું છું.

રમત-ગમત ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કરનાર આપણી યુવા ક્રિકેટ ટીમનું સન્માન કરતા આનંદ સાથે ગર્વની લાગણી અનુભવું છું.

વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી આપણા નવા બંધારણની રચનામાં માર્ગદર્શન આપનાર આદરણીય શ્રી ધીરૂભાઈ મીરાણી નો આભાર માનીએ તેટલો ઓછો છે. આપણું નવું બંધારણ ચાલુ વર્ષથી અમલી બનતા આપણા સમાજને એક નવી દિશા મળશે. નવા બંધારણમાં સલાહકાર સમિતિ તથા વરણી સમિતિની રચનાનું સૂચન ઘણુ જ અસરકારક પૂરવાર થશે.

આપણી જ્ઞાતિના વરિષ્ઠ નાગરિકોને ધ્યાનમાં રાખતા તેમને માટે વડલો સમિતિની રચના કરી છે. જેથી વિવિધ કાર્યક્રમો દ્વારા તેઓ આનંદ માણી શકે. આપણા સમાજના જરૂરિયાતમંદ એકલવાયા વૃધ્ધોને સધિયારો અને સાથ સાંપડે માટે તેમના પસંદગી મુજબના વૃધ્ધાશ્રમમાં તેમના દાખલાની વ્યવસ્થા પણ આપણા મહાજને મહાજનના ધારાધોરણ મુજબ શરૂ કરેલ છે.

અમદાવાદના શ્રી સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતેના શ્રી ખીમજી ભગવાનદાસ અતિથિગૃહનું નિર્માણ કાર્ય સંપન્ન થયેલ છે. જેનો આપ સહુ વખતો વખત ઉપયોગ કરી શકશો.

નાસિક ખાતેનું શ્રી ખીમજી ભગવાનદાસ આરોગ્ય ભુવન લગભગ પાંચ વર્ષથી વપરાશમાં છે. જ્ઞાતિના તથા પરજ્ઞાતિના ઘણા લોકો એ આનો લાભ લીધો છે. અને તેની પ્રશંસા પણ કરી છે. અને મુલાકાતીઓના સૂચન મુજબ તેમાં જરૂરી સુધારા કરવાનું કાર્ય ચાલુ છે.

આપણા મહાજનનું આગામી બજેટ તૈયાર થઈ ગયું છે. જેમાં જ્ઞાતિ તરફથી અપાતી આર્થિક, શૈક્ષણિક, તબીબી સહાય અને રમત-ગમત સહાયનો સમાવેશ કરેલ છે.

વિઠ્ઠલવાડી (દક્ષિણ - મુંબઈ) ખાતેની શ્રી જીણા બોઘાની વાડીની રીડેવલપમેન્ટ અથવા ઈતર વ્યવસ્થાની વાટાઘાટો ચાલુ જ છે. જેનો લાભ ભવિષ્યમાં સમાજને જરૂર થી મળશે.

હાલની આપણી અંધેરી પાલીરામ રોડ ખાતેની ઓફિસ, લગ્ન હૉલ, કોન્ફરન્સ હૉલ, ડાયનીંગ હોલ તથા કિચનની દેખરેખ તથા જાળવણી સતત ચાલુ જ છે. અને તેમાં ઉત્તરોત્તર સુધારાઓ કરવાનું ચાલુ જ છે. સોસાયટી સાથેની વાટાઘાટો પણ ચાલુ જ છે.

ફરી એક વાર આપણી જ્ઞાતિની યુવા પેઢીને **IPS, IRS - IAS** જેવી સ્નાતક ડિગ્રી માટે મહાજન તરફથી તથા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી પૂરતો સહકાર મળવાની ખાત્રી આપુ છું. આ સર્વ કાર્યોમાં સતત સક્રિય રહી સહભાગી થનાર મારા સર્વે સાથીદારો તથા કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

**- સતીષ વિઠલાણી**



## તંત્રીસ્થાનેથી

આપણા જ્ઞાતિજનો સમક્ષ ઈશુના નવા વર્ષ ૨૦૧૮ નો પ્રથમ અંક રજુ કરતા આનંદની લાગણી અનુભવાય છે.

આ સંદેશ મુખપત્ર દ્વારા મહાજનશ્રીની વિવિધ પ્રવૃત્તિઓ, સહાયકાર્યની વિગતો, વિવિધ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક કાર્યો તથા યાત્રા પ્રવાસ વગેરેની સવિસ્તાર માહિતી આપના સુધી પહોંચાડાય છે.

મહાજનશ્રીના કાર્યોમાં સહકાર આપનાર મહાનુભાવોની વિગતો તથા દાતાઓની વિગતો આપની સમક્ષ રજુ કરાય છે. તદ્‌ઉપરાંત પ્રસ્તુત અંકથી સ્વાસ્થ્ય સંબંધી લેખનો સમાવેશ કરેલ છે. આપણા મુખપત્રમાં સતત સુધારા વધારા કરવા માટે આપશ્રીના સલાહ સુચન આવકાર્ય છે.

આ મુખપત્ર તૈયાર કરવામાં અગત્યનો ફાળો આપનાર દરેક સભાસદનો આભાર માનુ છું. સહુની શુભેચ્છા, સાથ અને સહકાર થકી આગળ વધીએ તેવી આશા અને ઈશુના નવા વર્ષની શુભેચ્છા.

**- રમેશ હરીલાલ ગઢીયા**

VAJANI

ફરજ • આદર • ગર્વ

*Choicest Compliments of the Season From*

# *Vajani Foundation*

Philanthropic Initiative of the Vajani Family under the virtuous leadership of
Smt. Bina Prajesh Vajani

**The best way to find yourself is to lose yourself in the service of others.**

**Harmony is when what you think, what you say and what you do are in harmony,**

**Mahatama Gandhi**

54, Anand Lok, New Delhi - 110 049.

Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057.

T: (B) +9 (11) 4167 4442 / 4167 4443 I E: vajanifoundation@vajanis.com

# જ્ઞાતિ ગૌરવ

હાલમાં જ સમસ્ત લોહાણા જ્ઞાતિને ગૌરવ અપાવે એવી ઘટના ઘટી છે, જે ઐતિહાસિક છે અને સાથે સાથે સમસ્ત લોહાણા જ્ઞાતિના તેમ જ ઈતર જ્ઞાતિના યુવાનોને પ્રેરણા આપે એવી છે.

ઈ.સ. ૧૯૨૩ માં સ્થપાયેલ **ICC International Court of Arbitration** કે જેનું વડું મથક પેરિસ ખાતે છે, તેના ૯૪ વર્ષના ઈતિહાસમાં પ્રથમ જ વાર સૌથી યુવાન વયે ભારત તરફથી સભ્યપદ મેળવવાનું બહુમાન આપણી જ્ઞાતિના શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી અને ચેરમેન શ્રી કુણાલભાઈ પ્રજેશભાઈ વજાણીને પ્રાપ્ત થયેલ છે.



રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ ચુકેલા અને જાહેર જીવનમાં સામાજિક, આર્થિક તથા વ્યવસાયિક ક્ષેત્રે હંમેશા બીજાને મદદરૂપ બનવા તત્પર એવા વજાણી પરિવારમાં શ્રી કુણાલભાઈ વજાણીનો જન્મ થયો. તેઓ સ્વ.શ્રી કાકુભાઈ હરગોવિદદાસ વજાણી કે જેઓ શ્રી ઘોઘારી લોહાણા મહાજન ના ભૂતપૂર્વ ઉપપ્રમુખ તથા શ્રી ખીમજી ભગવાનદાસ આરોગ્ય ભવનના ટ્રસ્ટીના પૌત્ર છે. તેઓના દાદી સ્વ. સુશીલાબહેન તથા દાદા સ્વ.શ્રી વસંતરાય હરગોવિંદદાસ વજાણી કે જેઓ એક અગ્રગણ્ય અને સમાજમાં આદરણીય સ્થાન પામેલ વ્યક્તિ હતા, તેમના માતુશ્રી શ્રીમતી બીનાબહેન તથા પિતાશ્રી સ્વ.શ્રી. પ્રજેશભાઈ વજાણી કે જેઓ ખુબ જ લાગણીશીલ, માયાળુ અને પરગજુ માતા-પિતાના શ્રી કુણાલભાઈ સંતાન. આ સર્વે સદ્‌ગુણો તેમના પરિવારમાં પરંપરાગત, વારસાગત રીતે ચાલ્યા આવ્યા છે. તેમના મામા શ્રી દિલીપભાઈ એસ. ઠક્કર કે જેઓ શ્રી લોહાણા મહાજનના પ્રમુખ છે. શ્રી કુણાલભાઈ શ્રી પ્રવિણભાઈ રાજાના જમાઈ છે. અને There is a say in English, There is always a woman, behind every successful man તો શ્રી કુણાલભાઈના ધર્મપત્ની સૌ. સાચી બહેનને કેમ ભુલી શકાય! જેમના સંગાથ અને સહયોગથી જ શ્રી કુણાલભાઈ દેશ, સમાજ તથા સંસ્થાઓ માટે સમય ફાળવી શકે છે.

**ICC International Court of Arbitration** વિશ્વની અગ્રગણ્ય લવાદી સંસ્થા છે. જે આંતરરાષ્ટ્રીય સ્તરપર વ્યવસાયિક, રાજકીય, ધંધાકીય વાંધાઓના લવાદનું કામ કરે છે, અને આંતરરાષ્ટ્રીય ધંધાકીય રોકાણકારોને મદદરૂપ બને છે. વિશ્વના લગભગ ૯૦ સભ્ય દેશોમાંથી આ સંસ્થામાં લગભગ ૧૦૦ પ્રતિનિધિઓ છે. ભારત તરફથી ઉપરોક્ત કાઉન્સિલ માટે કાયદેસરના પ્રતિનિધિ તરીકે નિમણૂંક પામેલા યુવા વયના શ્રી કુણાલભાઈ વજાણી ભારત તરફના પ્રથમ યુવા પ્રતિનિધિ છે.

સ્વભાવે અંતર્મુખી પરંતુ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા શ્રી કુણાલભાઈ વજાણી મિતભાષી જરૂર છે, પરંતુ તેમના દ્વારા વિચારીને મંડાયેલા સૂચનો અને વકતવ્ય દરેકને આવકાર્ય અને સ્વીકાર્ય હોય છે. શ્રી કુણાલભાઈ વજાણી એ ગવર્મેંટ લો કોલેજ, મુંબઈ માંથી સ્નાતકની ડિગ્રી મેળવી. સુપ્રીમ કોર્ટ ઓફ ઈંગ્લેંડ અને પેરિસમાંથી સોલિસીટર તરીકેની માન્યતા પ્રાપ્ત કરી અને આ ઉપરાંત હાવર્ડ લૉ સ્કૂલ, યુ. એસ. એ. માંથી **L.L.M.** ની માસ્ટર્સની ડ્રીગ્રી પણ મેળવી. તેઓ શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટ મંડળના કાર્યો માં ખૂબ જ સક્રિય રીતે મદદરૂપ બને છે. સાથે તેઓશ્રી મે. વાડિયા ગાંધી એન્ડ કું. જેવી દેશની નામાંકિત સોલિસીટર ફર્મમાં સક્રિય ભાગીદાર છે. અને તેમની દોરવણી નીચે દિલ્હી ઓફિસનો વહીવટ ચાલે છે.

આ નિમણૂંક તેમના પરિવાર તેમજ સમસ્ત લોહાણા જ્ઞાતિ માટે ગૌરવ જેવી ઘટના છે. આવા યુવા વયના સુત્રધાર એવા શ્રી કુણાલભાઈ વજાણીને સમસ્ત લોહાણા જ્ઞાતિ, શ્રી લોહાણા મહાજન તથા તેમના ટ્રસ્ટીઓ, કમિટી મેમ્બરો તથા કાર્યકર્તાઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન!

## *Stand Up India - Start Up India*

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, લઘુ રોજગાર દ્વારા પોતાના સ્વબળે આગળ અને ઉપર આવવા માગતા સભ્યોએ પોતાની યોગ્યતા પ્રમાણે તથા જરૂરિયાત મુજબ જરૂરી દસ્તાવેજો સાથે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે શ્રી મનોજભાઈ ગઢીયાનો સંપર્ક કરવો.

# સ્નેહ મિલન

દિવાળીમાં સગાં સંબંધીઓને શુભેચ્છાઓ આપીએ, દિવડા, રંગોળી, રંગબેરંગી રોશની અને મીઠાઈની દુનિયામાંથી બહાર આવીયે. પછી આપણને આપણા જ્ઞાતિનાં દિવાળીના સ્નેહ મિલનની ઈંતેજારી હોય છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૦૫.૧૧.૨૦૧૭ રવિવારના રોજ આપણે સૌ સ્નેહ મિલનના પર્વનો આનંદ માણવા માટે મહાજનના નેજા હેઠળ આપણી જ સહ સંસ્થા સંસ્કાર જ્યોત વિદ્યાર્થી ભવનના ગ્રાઉન્ડમાં ભેગા થયા. સ્કુલના ચોગાનમાં ઉભો કરેલ મહાનુભાવો માટેનો મંચ ખુબ જ સુંદર રીતે સજાવટ કરેલ હતો. મહેમાનો માટે સોફા, ખુરશી તથા જમણવાર માટે પણ સુંદર અલાયદી વ્યવસ્થા ઊડી ને નજરે પડતી હતી.




ગણેશ વંદના અને દિપ પ્રાગટયથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરે આવેલા મહાનુભાવો તથા સભ્યોનું સ્વાગત કર્યું. સાથે - સાથે તેમણે જ્ઞાતિ મોવડી શ્રી પ્રવિણભાઈ મશરૂનું સ્વાગત કર્યું. શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, અંધેરી સાથે દિલથી સંકળાયેલા, હંમેશા બીજાને સહકાર માટે તત્પર એવા શ્રી પ્રવિણભાઈ મશરૂને આપણા જ્ઞાતિ પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ સોર્સ ઓફ ઈન્સપીરેશન ગણાવ્યા. અને તેમના લાંબા સ્વસ્થ અને આરોગ્યપ્રદ જીવન માટે પ્રભુને પ્રાર્થના કરી.

શ્રી પ્રવિણભાઈ મશરૂએ પણ નમ્રતા પૂર્વક પુષ્પગુચ્છ સ્વીકારતા જણાવ્યું કે, જે સમાજમાં જીવતા હોઈએ, કમાતા હોઈએ, તે સમાજની ફરજ સમજી ને તન-મન-ધનથી સેવા કરતા રહેવું જોઈએ.

શ્રી લોહાણા વિદ્યાર્થી ભવનના હાલના પ્રમુખ અને સી.એ. શ્રી રમેશભાઈ વસાણી ટુંકી મુદતે અપાયેલું આમંત્રણ સ્વીકારી હાજર રહ્યાં. તે બદલ સહુએ ખુશી વ્યકત કરી. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે તેમનું સ્વાગત કર્યું. પ્રમુખ શ્રી સતીષભાઈ એ આ પ્રસંગે જણાવ્યું કે, **The C.A. running an educational institution, so he has vision.** આપણાં મહાજનના નસીબ સારા છે, કે ઘણાં **Professionals** આપણે ત્યાં સેવા આપે છે. શ્રી રમેશભાઈ વિદ્યાર્થી ભવનના ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરાવે છે.

શ્રી રમેશભાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, લોહાણા ભવન સંસ્થાનું ગ્રાઉન્ડ શ્રી ઘોઘારી લોહાણા મહાજનના કાર્યક્રમ માટે વપરાય એનાથી રૂડું શું? તેમણે મહાજન દ્વારા થતી સહાયની પણ પ્રસન્નતા કરી. ત્યારબાદ અનેક છાત્રાલયો, સ્કુલો, ઋતંભરા વિદ્યાલયના ટ્રસ્ટી અને સામાજીક સંત એવા શ્રી ગીરીશભાઈ હરીલાલ ડ્રેસવાળાનું, શ્રી લોહાણા યુવક મંડળ (અંધેરી - પાર્લા) ના ઉપપ્રમુખ અને આપણા મહાજનના કમીટી મેમ્બર શ્રી મહેશભાઈ રાજાએ સ્વાગત સાથે સન્માન કર્યું. શ્રી સતીષભાઈ વિઠલાણી એ જણાવ્યું કે, શ્રી ગીરીશભાઈના પિતાશ્રી હરીભાઈ લોહાણા મહાપરિષદના પ્રમુખ અને શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ચેરમેન હતા. અને ઋતંભરા વિદ્યાલય સાથે સંકળાયેલા હતા. તેમના પગલે પુત્ર શ્રી ગીરીશભાઈ ચાલ્યા એ શ્રેષ્ઠ વાત છે. આપણી સંસ્થાને શ્રી ગીરીશભાઈ નું માર્ગદર્શન મળતું રહે. તેવી આશા છે. શ્રી ગીરીશ ભાઈએ નમ્રતા પૂર્વક પોતાની સફળતાનો યશ પોતાના પિતાશ્રી ને આપ્યો. પદ પર હોઈએ કે ન હોઈએ પણ એક માળાના મોતીની જેમ એક બીજા સાથે પરોવાઈને સંસ્થાનુ કામ કરવાની મજા વર્ણવી અને એક પરિવારની જેમ કામ કરવાનો અનુરોધ કર્યો.

ત્યારબાદ, શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી રશ્મીબેન સતીષભાઈ વિઠલાણીએ શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા સમિતીના અધ્યક્ષ અને લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી- પાર્લા) ના પ્રથમ મહિલા પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન કિર્તીભાઈ ઠક્કરનું સન્માન કર્યું. શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે હંમેશા દરેક કાર્યમાં સહકાર આપનાર મહાજનનો આભાર માન્યો, અને લોહાણા યુવક મંડળના પ્રમુખ હોવાના નાતે મહાજનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ મહાપરિષદના સેક્રેટરી શ્રી પિયુષભાઈ ગંઠાનું સ્વાગત કર્યું. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે મહાપરિષદના ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધીનું સ્વાગત કર્યું. શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા શ્રી ઘોઘારી લોહાણા મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણીનું સન્માન કરવામાં આવ્યું.

શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા દ્વારા ડૉ. સુરેશભાઈ પોપટનું સન્માન કરવામાં આવ્યું. ડૉ. સુરેશભાઈ પોપટ બોરીવલીથી

આગળના જ્ઞાતિ સભ્યો સાથે દિલથી સંકળાયેલા છે. અને કોઈપણ જરૂરિયાત વખતે બધા સાથે સહકાર સાધી ઉકેલ લાવે છે.

કલકત્તાના દરેક લોહાણા જેમને ઓળખે છે તે શ્રી રતનશીભાઈ રાજા અને શ્રીમતી રમાબેન રાજા કે જેઓ મહિલા મંડળના ટ્રસ્ટી છે, તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત શ્રીમતી રશ્મીબેન વિઠલાણી દ્વારા કરાયું.

જ્ઞાતિના વરિષ્ઠ સભ્યોના સન્માન કાર્યક્રમ વખતે માનદ્ મંત્રી શ્રી જતીનભાઈ પોપટે જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ વસુધૈવ કુટુંબકમ પ્રણાલીમાં માને છે. પરિવાર સંસ્થા એ સમાજનો આધાર છે. છેલ્લા ૧૮ વર્ષોથી સ્નેહ મિલનમાં વય શ્રેષ્ઠીઓનું સન્માન કરતા ગૌરવની લાગણી અનુભવાય છે. વરિષ્ઠ સભ્યોને આદર પૂર્વક શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું.

ત્યાર બાદ, સરસ્વતી સન્માન કાર્યક્રમમાં જ્ઞાતિના ઝળહળતાં વિદ્યાર્થીઓને રોકડ રકમ તથા ઈનામોથી નવાજવામાં આવ્યા. એસ.એસ.સી. ના ૩, એસ.એસ.સી. (આઈ.સી.એસ.સી.) ના ૩, એચ.એસ.સી. (કૉમર્સ) ના ૪, એચ.એસ.સી. (સાયન્સ)ના ૨, બી.કૉમ ના ૨, બી.એસ.સી. આય.ટી. ના ૧, એમ.કૉમ. ના ૨, સી.એ. ના ૨, પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન મેનેજમેંટ ના ૧, અને ઈત્તર પ્રવૃતિ ના ૮ આમ ટોટલ ૨૭ વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી રોકડ રકમ રૂપે અનુક્રમે રૂપિયા ૭,૫૦૦/-, રૂપિયા ૫,૦૦૦/- અને રૂપિયા ૨,૫૦૦/- અને શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી પ્રમાણ-પત્ર અપાયા. વજાણી ફાંઉડેશનના શ્રી કુણાલભાઈ વજાણી તરફથી વિદ્યાર્થીઓને બેગનું વિતરણ કરાયું. અને ઓશાકા ફર્નીશીંગ તરફથી વિદ્યાર્થીઓને ગીફટ વાઉચર આપવામાં આવ્યાં.

આપણી જ્ઞાતિના માનદ્મંત્રી અને શિક્ષણ સહાય સમિતિના કન્વીનર શ્રી પ્રકાશભાઈ મગદાણીએ સરસ્વતી સન્માનના કાર્યક્રમની ધુરા સભાંળી. મુશ્કેલીઓનો સામનો કરતા-કરતા સ્વ વિકાસ માટેની ક્ષિશણની આવશ્યકતા સમજાવી. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને તથા તેમના માતા-પિતાને અભિનંદન આપ્યા.

રમત-ગમત અને વકતૃત્વ સ્પર્ધા જેવા સાંસ્કૃતિક ક્ષેત્રે પણ સિધ્ધી પ્રાપ્ત કરનાર યુવકો-યુવતીઓને પણ બિરદાવવામાં આવ્યા. તેમાંની એક યુવતી કાજોલ નવીનકુમાર વજાણીએ યુવાનોને પ્રોત્સાહિત કરવા બદલ મહાજનશ્રી નો આભાર વ્યકત કર્યો. ત્યારબાદ, ટ્રસ્ટી શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા દ્વારા આખી ક્રિકેટ ટીમનું સ્વાગત કરવામાં આવ્યું. મિડ-ડે કપ અને કે.પી.એલ. ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર જ્ઞાતિ રમતવીરોનું અભિવાદન થયું. ક્રિકેટ ટીમના પ્રમુખ શ્રી યોગેશભાઈ વસાણીનું આપણી જ્ઞાતિના પ્રમુખ શ્રી સતીષભાઈ દ્વારા બહુમાન કરાયું. શ્રી જયરાજભાઈ ઠક્કર, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી વિદ્યુતભાઈ સાયતા, મહાપરિષદના યુવા વિભાગના પ્રમુખ શ્રી નિખિલભાઈ સુબાના સાથ-સહકાર દ્વારા ક્રિકેટ ટીમ પ્રગતિ કરી રહી છે, તે બદલ સૌ એ આનંદ વ્યકત કર્યો.

આજના યુવાનો ભણવા સાથે રમત-ગમત ક્ષેત્રે આગળ વધી રહ્યા છે, શારીરિક અને માનસિક વિકાસ કરી રહ્યા છે. તે બદલ તેઓ અભિનંદન ને પાત્ર છે. શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાની મહેનત તથા શ્રી જનકભાઈ, શ્રી અજીતભાઈ તથા શ્રી સતીષભાઈ જેવા શ્રેષ્ઠીઓનું પ્રોત્સાહન છે. તે ખૂબ જ આવકાર દાયક છે. ત્યારબાદ, શ્રી જનકભાઈ ઠક્કર તરફથી રોકડ ઈનામ તથા મહાજનશ્રી તરફથી ટ્રોફી વિતરણ થયા.

પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ મહિલા ક્રિકેટ ટીમ બનાવવાનું સુચન કર્યું, અને મહાજનશ્રી પુરતો સહકાર આપશે. તેમ આશ્વાસન પણ આપ્યું. શ્રી વિદ્યુતભાઈ સાયતાએ આ વર્ષે પ્રાઈઝ લાવશું જ, એવું જણાવી બધાનો આભાર માન્યો.

જ્ઞાતિ શોભે છે ત્યાગ અને સેવાની મૂર્તિ એવા જ્ઞાતિ રત્નોથી! શ્રી વિનોદભાઈ નાનાલાલ ગઢીયા તથા શ્રી ભૂપેન્દ્રભાઈ કારીયાને જ્ઞાતિરત્ન તરીકે પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સ્ટેનડીંગ ઓવેશનથી સન્માન કરાયું. શ્રી વિનોદભાઈ (વિનુભાઈ) વિશે જણાવતા પ્રમુખશ્રી સતીષભાઈ એ કહ્યું કે, વિનુભાઈ સન ૧૯૭૫ થી જ્ઞાતિ સાથે જોડાયેલા છે. સેવામય જીવન જીવે છે. લોહાણા ભવનની જગ્યાને સાચવવા તથા સારસંભાળ કરવા ખડે પગે હોય છે. જ્ઞાતિ સેવા તેમના જીવનમાં હમેંશા કેન્દ્ર સ્થાને રહી છે. મહાજન ૮૦ વર્ષના યુવાન એવા વિનુભાઈનું સન્માન કરતાં આનંદ અને ગૌરવ અનુભવે છે. તેમનું ઋણ સ્વીકાર કરતાં આનંદ થાય છે. વિનુભાઈ તથા તેમના ધર્મપત્ની મંજુલાબેન તથા તેમનો આખો








પરિવાર સન્માન સમયે મંચ ઉપર ઉપસ્થિત હતો. શ્રી વિનુભાઈ આપણા મહાજનના સેક્રેટરી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાના સસરા થાય છે. હંમેશા સાદગી ભર્યા પોશાકમાં જોવા મળતા શ્રી વિનુભાઈ જ્ઞાતિસેવામાં કાર્યરત છે. આ વાતની જાણ આ પ્રસંગે જ થઈ.

શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ કારીયા અને તેમના ધર્મપત્ની શ્રીમતી રેખાબેન તથા તેમનો સમસ્ત પરિવાર મંચ ઉપર ઉપસ્થિત હતો. જ્ઞાતિ રત્ન શ્રી ભૂપેન્દ્રભાઈ વિશે જણાવતાં માનદ્મંત્રી અને શિક્ષણ સહાય સમિતિના કન્વીનર શ્રી પ્રકાશભાઈ મગદાણી એ જણાવ્યું કે, અમરેલીમાં જન્મેલા ભૂપેન્દ્રભાઈ બી.કોમ., એલ.એલ.બી. તથા સી.એ. છે. બેંક ઓફ ઈંડિયા સાથે વર્ષોથી સંકળાયેલા છે. જ્ઞાતિના બંધારણ, વસ્તી પત્રક જેવા અગત્યના કાર્યોમાં તેમનો અમૂલ્ય ફાળો હોય છે.

શ્રી ભૂપેન્દ્રભાઈએ પોતાના વ્યકતવ્યમાં શ્રીજી બાવાને પ્રાર્થના કરતા જણાવ્યું કે, સ્નેહ રૂપી તેલ ભરી એક દિપકથી કોટી કોટી દિપક પ્રગટાવીએ અને જીવનમાં ઉમદા કાર્યો કરતા રહીએ. કાવ્યાતમક રૂપે તેમણે કહ્યું કે "મોકો મળ્યો છે સેવાનો, ઈચ્છા મારી ફળી છે, શ્રીજી બાવાની અસીમ કૃપા, એમા પણ ભળી છે." અંતમાં પોતે હમેંશા નિઃસ્વાર્થ ભાવથી જ્ઞાતિ સેવા કરી શકે એવા આશીર્વાદ ઈશ્વર પાસે માંગી તેમણે વ્યકતવ્ય પુરૂં કર્યુ.

સ્નેહ મિલનમાં શ્રી ઘોઘારી લોહાણા મહાજને આ વર્ષે જ્ઞાતિના આગવી બુધ્ધિપ્રતિભા અને વ્યાપારી સુઝ ધરાવતા બે પ્રતિભાશાળી યુવાનોને બિરદાવતા ખૂબ ગૌરવ અનુભવ્યું. ૧) શ્રી કરણભાઈ કિર્તીભાઈ ઠક્કર અને ૨) શ્રી વિક્રમભાઈ કિરણભાઈ રાયચુરા. મોરના ઈંડાને ચીતરવા ન પડે એ કહેવતને સાર્થક કરતા આ બન્ને યુવા વ્યાપારીઓને યુવા વ્યાપારી પ્રતિભા એવાર્ડથી નવાજવામાં આવ્યા.

શ્રી કરણભાઈના પિતાશ્રી શ્રી કિર્તીભાઈ શ્રી ઘોઘારી લોહાણા મહાજનની શિક્ષણ સમિતિના ચેર પરર્સન હતા, અને શ્રી લોહાણા યુવક મંડળ (અંધેરી-પાર્લા)ના સ્થાપક હતા. આપણી જ્ઞાતિના કારોબારી સભ્ય અને સક્રિય કાયકર્તા હતા. તેમના માતા શ્રીમતી જ્યોતિબેન ઠક્કર શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા સમિતિના પ્રમુખ છે. અને શ્રી લોહાણા યુવક મંડળના પ્રથમ મહિલા પ્રમુખ છે. નાની ઉમરમાં પતિનું મૃત્યુ થતા શ્રીમતી જ્યોતિબેને એકલે હાથે દરેક મોર્ચા સભાળ્યા, અને સંતાનોને સફળતાના શિખરો સર કરાવ્યા. આવા માતા-પિતાના સંતાન શ્રી કરણભાઈ, નરશી મોનજી કોલેજના શ્રેષ્ઠ ૫૦ વિદ્યાર્થીઓની યાદીમાં નામ ધરાવે છે.

ખ્યાતનામ કંપનીનો ઊંચો હોદો અને મોટો પગાર છોડી કંઈક નવું કરી બતાવાની હિંમત ધરાવતા શ્રી કરણભાઈએ ઈકો સેન્ટ્રીક કંપની ની સ્થાપના કરી. પર્યાવરણના ખતરનાક દુશ્મન જેવા ઈ-વેસ્ટને રીસાઈકલ કરી પૃથ્વી માતાને શુધ્ધ કરવાનું તથા તેમનું ઋણ ચુકવવાનું શ્રેય શ્રી કરણભાઈને મળે છે. સન ૨૦૧૪ માં તેમને દિલ્હી સરકાર તરફથી યંગ બીઝનેસ અચીવર ઓફ ઈંડિયાનો એવાર્ડ મળેલ છે. ૫૦ ગ્રીન સી.ઈ.ઓમાં તેમની ગણતરી થાય છે. કન્સીડરેશન ઓફ ઈન્ડયન ઈન્સ્ટ્રીઝના તેઓ કાયમી વકતા છે. અને પર્યાવરણ વિશે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરે છે. એવાર્ડ સ્વીકરતા શ્રી કરણભાઈએ પોતાની સિધ્ધિનું શ્રેય માતા જ્યોતિબેનને આપ્યું અને જણાવ્યું કે, દરેક વખતે માતા એ જોખમ ઉઠાવવા દીધું. માણસ પ્રકૃતિ પાસેથી બધુ જ લે છે. તો પ્રકૃતિને પાછું વાળવું એ માનવીની ફરજ છે. આવા ઉચ્ચ વિચારથી ખપોલીમાં શરૂ કરેલી તેમની કંપની અવિરત આગળ વધી રહી છે. જેની લંડનમાં પણ શાખા થઈ રહી છે.

સેવાભાવી માતા-પિતાના સંસ્કારી સંતાન શ્રી વિક્રમભાઈ જેઓ શ્રી કિરણભાઈ અને શ્રીમતી ભાવનાબેન રાયચુરાના સંતાન છે. શ્રી કિરણભાઈ લોહાણા યુવક મંડળના અધ્યક્ષ છે. અને આપણી સંસ્થાના સક્રિય કાર્યકર છે. આપણા જ્ઞાતિને મળેલી મિસ્ડ-કાલ સેવાનું શ્રેય તેમને ફાળે જાય છે. એસ.એમ.એસ., વૉઈસ મેઈલ, ઈ-મેલ, મિસ કૉલ, ફેકસ જેવા સંદેશ વ્યવહારના અનેક માધ્યમો હાલમાં અસ્તિત્વમાં છે. કૉમ્યુનિકેશન માર્કેટીંગ ક્ષેત્રમાં શ્રી વિક્રમભાઈ આગવી સુઝ અને ઓળખ ધરાવે છે. સ્ટેટ બેંક ઑફ ઇંડિયા, યસ બેંક, રીલાયન્સ રીટેઈલ જેવી માતબર કંપનીઓ તેમના ગ્રાહકોના લીસ્ટમાં છે. તેમના કાર્યને પંસદ પણ કરે છે. તેમને ઘણા એવોર્ડસ પણ મળેલા છે. ગ્લોબલ માર્કેટીંગ ક્ષેત્રે એમનું અમૂલ્ય યોગદાન છે.

ત્યારબાદ શ્રી મનોજભાઈ કોટકે આપણા પ્રમુખ શ્રી સતીષભાઈને દિલથી અભિનંદન આપતા કહ્યું કે, યુવા પેઢીને માર્ગદર્શન આપવા આ મહાજનનો જન્મ થયો છે. મહાજન વાદ-વિવાદના કેન્દ્રો ન બને. તે માટે બધા પ્રયત્નો કરે છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનની ધુરા શ્રી સતીષભાઈએ સંભાળ્યા પછી ખરેખર પ્રગતિ થઈ છે. જ્ઞાતિ રત્નોનું સન્માન, શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ માટેની તેમની લાગણી, રઘુવંશી મિલની જગ્યા માટેની તેમની મહેનત ખરેખર પ્રશંસાને






પાત્ર છે. આ બધુ વ્યવસ્થિત રીતે સચવાય, જળવાય તો કરોડો રૂપિયા આર્થિક, શૈક્ષણિક, તબીબી તથા સાંસ્કૃતિક સહાય માટે વાપરી શકાય. આ માટે આવનારી પેઢી તેમને જરૂર યાદ રાખશે. ભગવાન તેમને જરૂર યશ આપશે. લોહાણા સમાજમાં દિવા-દાંડીરૂપ કાર્ય તેમણે કર્યું છે. જેનાથી બંધુત્વની ભાવના ખીલશે અને નવી પેઢીને પ્રોત્સાહન મળશે.

આપણી જ્ઞાતિનું નવું સુધારેલ બંધારણ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપનાર શ્રી ધીરૂભાઈ મીરાણીનું સન્માન કેમ વિસરાય? પોતે ઘોઘારી ન હોવા છતાં શ્રી ઘોઘારી લોહાણા જ્ઞાતિ માટે અમૂલ્ય સમય આપનાર કચ્છી લોહાણા જ્ઞાતિના મોવડી શ્રી ધીરૂભાઈ મીરાણીએ, ફકત લોહાણા થઈએ આ વાત પર ભાર મૂક્યો.

૬૦ વર્ષની ઉમરે અંકલેશ્વરની પોતાની ફેકટરીની ચાવી બીજાને સોંપી નિવૃત્ત થઈ લોહાણા જ્ઞાતિની સેવા કરનાર ૭૨ વર્ષના શ્રી ધીરૂભાઈ મીરાણી અને જ્ઞાતિ પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી બન્ને ગાઢ મિત્રો છે. બંધારણના કાર્યો માટે તેમણે આખી ટીમને યશ આપ્યો. પોતે ફકત દિશા સુચન કર્યું. અને બધાએ સ્વીકાર્યું તે બદલ પોતાનું સન્માન કરવા બદલ તેમણે આભાર વ્યકત કર્યો.

શ્રી પિયુષભાઈ ગંઠાએ વિદ્યાર્થીઓને, જ્ઞાતિ રત્નોને, યંગ એચીવરને અભિનંદન આપ્યા. સમસ્ત લોહાણા સમાજને આગળ લઈ જવાની તેમની જવાબદારી છે. તેવું સુચન કર્યું. નિતીનભાઈ પાંધીએ કહ્યું કે, તેઓ અહિ આવી ઘણું જ શીખ્યા છે. નાનામાં નાની વ્યકિતનું પણ સન્માન થાય એ મોટી વાત છે. તેમણે શ્રી જનકભાઈ ઠક્કર અને શ્રી સતીષભાઈ વિઠલાણીને આદર્શ માનવાનું કહ્યું. ડૉ. સુરેશભાઈ પોપટે પણ કાર્યક્રમના વખાણ કરી બધાને અભિનંદન આપ્યા.

ત્યારબાદ, પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ પોતાના વ્યકતવ્યમાં દિવગંતોને શ્રધ્ધાંજલી આપી. જ્ઞાતિ રત્નોને પ્રણામ કર્યા. યુવા વ્યાપારી પ્રતિભાને અંભિનંદન આપ્યા. શ્રી ધીરૂભાઈ મીરાણીનો બંધારણના કાર્યમાં ફાળો આપવા બદલ આભાર માન્યો. વડલો સમિતી સંભાળનાર શ્રી હસમુખભાઈ વજાણી, શ્રી મનોજભાઈ ગઢીયા તથા શ્રી રામભાઈ ગઢીયાની પ્રવૃત્તિઓને બિરદાવી.

અમદાવાદની શ્રી સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતેના યોગદાનની વાત કરી. મહાજન તરફથી થતી વિવિધ સહાયની જાણ કરી. ડિપેન્ડન્ટ નહીં પણ ઈન્ડિપેન્ડન્ટ થવા માટે સ્વમાનભેર પગભર થવા માટે સ્ટેન્ડ અપ ઘોઘારી, સ્ટાર્ટ અપ ઘોઘારી યોજનાની વિગત સમજાવી. લોહાણા ભવન અંધેરીના પૂર્નનિર્માણની વિગતો જણાવી. વિઠ્ઠલવાડી ખાતેની શ્રી જીણા બોધાની વાડીનું ગુંચવાચેલું કોકડું ધીરે - ધીરે સુલઝી રહ્યું છે. તે જણાવ્યું.

આય.પી.એસ., આય.આર.એસ., આય.એ.એસ. તથા રમત-ગમતના પ્રમોશન માટે ફંડની વાત કરી. આ દરેક કાર્ય સરળતાથી થાય છે, તે બદલ પોતાના સહ કાર્યકતાઓનો આભાર માન્યો.

છેલ્લે માનદ્ મંત્રી શ્રી જતીનભાઈ પોપટે આભારવિધિ કરી. મહાજનશ્રી તરફથી આયોજીત આહ્લાદક સ્વરૂચિ ભોજનનો આસ્વાદ લઈ, ગૌરવવંતા મહાજનના સભ્યો હોવાના ગૌરવ સાથે સૌ છુટા પડયાં. એક નવી દૃષ્ટિ, નવી આશા તથા નવી ઉડાન સાથે વિક્રમ સંવત ૨૦૭૪ની શરૂઆત થઈ.








POOJA™

Beautifully Yours

YOUR ONE STOP DESTINATION FOR FASHION JEWELLERY AND ACCESSORIES



Click or Cut this Coupon & Get 15% OFF Till 31th March.

Shop 1, Deep Jyot CHLS, Opp. Kala Niketan, Shimpoli Road, Borivali (W). Tel.: 28998191
Shop No. 6, Ground Floor, Sunswept Co. Operative Housing Society Ltd., Lokhandwala Complex, Andheri (W). Tel.: 2639 8191
Shop No. 3 & 4, Jalaram Estate, M. G. Road, Mulund (West), Mumbai - 400 080. Tel.: 25928189
132, Dr. D. N. Road, Capltol Cinema Building, Fort, Mumbai - 400 001. Tel.: 22073531
Asiatic Department Store, 73, Industrial Assurance Building, Veer Nariman Road, Churchgate.
Shop No. 7 & 8, Swarna Rekha 499, Next to Vjay Sales, Linking Road, Bandra (West), Mumbai - 400 052.

શ્રી ઘોઘારી લોહાણા સંદેશને હાર્દિક શુભેચ્છા



અજીત કાકુભાઈ વજાણી

ભાવના અજીત વજાણી

દેવાંશ અજીતભાઈ વજાણી

ભાવી દેવાંશ વજાણી

કાકુભાઈ હરગોવિંદાસ વજાણી પરિવાર

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજની પ્રવૃત્તિઓનો અહેવાલ

શ્રી ઘોઘારીલોહાણા મહિલા સમાજ દર વર્ષે બહેનો માટે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોના રસથાળ સાથે તૈયાર હોય છે. ગત ત્રણ મહિનામાં પણ આવા યાદગાર કાર્યક્રમોનું સફળ આયોજન થયું.

## કાર્યક્રમ નં. – ૧ – નવરાત્રી કાર્યક્રમ

તારીખ ૨૩.૯.૨૦૧૭ના શનિવારે સાંજે ૪.૦૦ વાગ્યે શ્રી કાનબાઈ લાલબાઈ કન્યા શાળાના વાતાનુકુલીત વિશાળ હૉલમાં જાણે નાનકડું ગુજરાત જ ખડું થયેલું, પરંપરાગત પોષાકમાં બહેનો, કન્યા શાળાની દિકરીઓ, યુવતીઓ શોભતા હતાં. મહિલા સમાજના અધ્યક્ષ અને ટ્રસ્ટી શ્રી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી તરફથી માતાજીની આરતી હતી. બીજા જવાબદાર બહેનો સાથે સહુએ આરતી ગાઈ. આદ્યશક્તિની આરાધના કરી. શ્રીમતી કલ્પનાબેન કિરીટભાઈ પોપટે દિપ પ્રાગટ્ય કર્યું. પ્રમુખ શ્રીમતી ઉષાબેન પ્રવીણભાઈ વજાણીએ ઉપસ્થિત બહેનોનું સ્વાગત કરી સહજતાથી નવરાત્રીનો મહિમા સમજાવ્યો. ત્યારબાદ, ઓરકેસ્ટ્રાના સૂર ગૂંજી ઊઠયા અને બહેનોના પગ ગરબાના તાલે ધૂમવા લાગ્યા. વિવિધ રાઉન્ડમાં શ્રીમતી અનસુયાબેન ગિરીશભાઈ વસાણી, શ્રીમતી રજનીબેન નવીનચંદ્ર સાયાણી, શ્રીમતી ભાવનાબેન હિતેષભાઈ તન્ના, શ્રીમતી માધવીબેન ભદ્રેશભાઈ સોમૈયા, શ્રીમતી હંસાબેન પ્રદિપભાઈ સોમૈયા, શ્રી કનુભાઈ મગદાણી પરિવાર, નિલમબેન, યોગેશભાઈ પોપટ, શ્રીમતી ગીતાબેન ધર્મેન્દ્રભાઈ મોદી તરફથી ઈનામો આપ્યા.

નાના બાળકોના વિજેતા રાઉન્ડના ઈનામો અને દરેક બાળકને પ્રોત્સાહક ઈનામ શ્રીમતી રેખાબેન કિશોરભાઈ મણિયાર તથા શ્રીમતી શોભાબેન વિનોદભાઈ સુબા તરફથી આપ્યા. કાનબાઈ કન્યા શાળાની બાલિકાઓને ટ્રસ્ટી શ્રીમતી રમાબેન રાજા તરફથી ભેટ આપવામાં આવી. ઉપસ્થિત સર્વે સભ્ય બહેનોને શ્રીમતી સુશીલાબેન કિશોરભાઈ ઠકરાર પરિવાર તરફથી લ્હાણી આપવામાં આવી. ત્યાં વિવિધ સ્ટોલ પણ હતા. તેમના તરફથી લક્કી ડ્રો પણ આયોજીત થયાં અને વિજેતાઓને ઈનામો આપ્યા.

સમયસર શરૂ થયેલ કાર્યક્રમ સમયસર સમાપ્ત થયો. ખુશખુશાલ ચહેરા સાથે પ્રમુખશ્રી શ્રીમતી ઉષાબેન વજાણી તરફથી રખાયેલ માતાજીનો પ્રસાદ લઈ સહુ મીઠા મોઢે મીઠીયાદો વાગોળતા ઘરે ગયા.



## કાર્યક્રમ નં. ૨ – દિવાળી સ્નેહ સંમેલન

તારીખ ૪.૧૧.૨૦૧૭ ના શનિવારે બપોરે ૪.૦૦ વાગ્યે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડીના વાતાનુકુલીત હૉલમાં બહેનોએ દિવાળી સ્નેહ સંમેલનનો આનંદ માણ્યો. પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણીએ સહુનું સ્વાગત કર્યુ. ટ્રસ્ટીઓ દ્વારા દિપ પ્રાગ્ટ્ય કરાયું. એક સુંદર સંગીત મઢયા કાર્યક્રમનો, જૂની ફિલ્મોના ગીતો, ગીતોની જ **Quiz** નો સહુએ આનંદ માણ્યો. અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ગીતાબેન રાજેન્દ્રભાઈ સોઢા અને શ્રીમતી પ્રીતિબેન નાનુભાઈ સોઢા ઉપસ્થિત રહ્યાં.

મહિલા સમાજના અધ્યક્ષ અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી અને બીજા ટ્રસ્ટીઓ શ્રીમતી અનસૂયાબેન જી. વસાણી, શ્રીમતી રમાબેન જે. રાજા, શ્રીમતી પ્રિતીબેન એન. સોઢા, શ્રીમતી ચંદ્રિકાબેન વી. તન્ના તરફથી રાખેલ પ્રીતિ ભોજનનો સહુએ આસ્વાદ માણ્યો. અને વિક્રમ સંવત ૨૦૭૪નીશુભ શરૂઆત કરી.

## કાર્યક્રમ નં. – ૩ – ક્રિસમસ પાર્ટી

આખુ વિશ્વ જ્યારે ઈ.સ. ૨૦૧૭ ને વિદાય આપી ઈ.સ. ૨૦૧૮ ના વધામણા કરવાની તૈયારી કરતુ હતું. ત્યારે, શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજે પણ ખૂબ સુંદર ક્રિસમસ પાર્ટીનું આયોજન કર્યું. તારીખ ૧૬.૧૨.૨૦૧૭ ને શનિવારે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડીમાં ક્રિસમસ પાર્ટીના મસ્તીભર્યા કાર્યક્રમનું આયોજન થયું.

આપણા દેશમાં ૨૯ રાજ્યો છે. દરેક રાજ્ય પોતાના લોક સંગીત, લોક શિક્ષણ માટે આગવી ઓળખ ધરાવે છે. આ ૨૯ રાજ્યોમાંથી ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા તથા પંજાબ આ ચાર(૪) રાજ્યોના લોક નૃત્યો બહેનોએ રજુ કર્યા. પોતાના વ્યસ્ત સમયમાંથી સમય કાઢી તેમણે કરેલી તૈયારી, તેમના પોષાક, દાગીના, હેરસ્ટાઈલ વગેરે ખરેખર પ્રશંસનીય હતા. ભાગ લેનાર સભ્ય બહેનોને અંદર અંદર જોડી રાખનાર સાંકળ રુપે શ્રીમતી પ્રીતિબહેન સોઢા અને શ્રીમતી ભાવનાબેન તન્ના એ ખૂબ સહકાર આપ્યો.

ડી. જે. પાર્ટી, હાઉઝી વગેરેનું પણ આયોજન કરાયેલું. લોકનૃત્યોમાં ભાગ લેનાર દરેક બહેનોને અધ્યક્ષ તથા ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી ભેટ આપવામાં

આવી હતી. સર્વે સભ્ય બહેનોને માટે પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી તરફથી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

**હવે પછીના આગામી કાર્યક્રમો નીચે મુજબ છે.**

૧) **પિકનીક** - તારીખ ૧૫.૨.૨૦૧૮ સવારે ૭.૦૦ વાગ્યાથી. (મઢ આયલેન્ડના બંગલામાં)

૨) **કુકીંગ ડેમોન્સ્ટ્રેશન** - તારીખ ૧૦.૩.૨૦૧૮ બપોરે ૩.૩૦ વાગ્યે.

૩) **માતાજીની ચોકી** - તારીખ ૬.૪.૨૦૧૮ શુક્રવાર બપોરે ૩.૦૦ વાગ્યે. - સ્થળ - શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી, મુંબઈ.







## Medical Camp

શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી આ વર્ષે પણ રવિવાર, તારીખ ૪.૨.૨૦૧૮ ના રોજ શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વેસ્ટ) ખાતે **Medical Camp** નું આયોજન કરવામાં આવેલ છે. તેનું સરકયુલર અલગ થી મોકલાવેલ છે. તો તેનો લાભ લેવા સભ્યોને ખાસ વિનંતી. વધુ વિગત માટે સંપર્ક. ફોન : ૨૬૨૮ ૩૭૧૫, મોબાઈલ : ૯૯૮૭૨૪૦૪૦૪

## દૂર દેશાવર

આજે સવારે
તારા ઓરડાનો દરવાજો ખોલી
હું અંદર પ્રવેશી
થયું મને
ચાલ રોજ જગાડતી તને આજે પણ જગાડું!
જોયું તો
ઓરડો સાવ ખાલી, એકાકી, મૂંગો
દરેક વસ્તુ યથાવત્ દેખાણી
મારા કાનાને થઈ પરદેશ સાથે પ્રીત.
રાત દિવસ મન મારું ભમતું
કાનો અને હું
હું અને કાનો માં ખોવાઈ જતું.
મન મારું કયારનું શોધતું તને એકલતામાં
કયાં મળશે તું મને?
કયાં શોધું હું તને?
વિયોગની પળ સાથે ઝુરવું અઘરું છે
પાંપણના ખૂણે બિંદુ છુપાવવું અઘરું છે.
આખરે
ભીની રેતીમાં પડી તારા પગલાંની છાપો
દરેક સાથે મનભરીને કરી મેં તારી વાતો.
ભલે આજે તું મારાથી જોજનો દૂર દેશ
પણ મળી ગયો તું મને મારા જ ઉર દેશ.
આજે સવારે
તારા ઓરડાનો દરવાજો ખોલી
હું અંદર પ્રવેશી
અને મૂંગો ઓરડો અચાનક બોલકો બની ગયો.

**- મીના મગદાણી**



Guru Prasad Yogayana
- ✓ Yoga Consultant
- ✓ Stress Management
- ✓ Psycho Physical Counselor
- ✓ Palmistry Consultant
- ✓ Vastu Consultant
- ✓ Astrology

"YOGACHARYA"
**Ramesh Gadhia**
5-Krishna Kunj, 2nd Floor,
Dadabhai Road No. 3,
Vile Parle (West), Mumbai - 400 056.
Cell : 9870084808
Email : yogacharyarameshg@gmail.com

।। શ્રી ગણેશાય નમઃ ।।
digitial Printing · envelop Printing · office stationery Printing · bill/challan book Printing · Flax Printing
**THAKKAR CREATION**
9869287966 · 8369111371
**Exclusive Offset, Screen Printer & Computer Stationery**

| | |
|---|---|
| Visiting Card (Single Side Printing - Multi Colour) | - 899/- |
| Visiting Card (F/B Printing - Multi Colour) | - 1499/- |
| Letter Head (A/4 Size - Multi Colour) | - 1699/- |
| Handbill (Flyer) A/5 Size (1 Side Single Col. Pri.) | - 450/- |
| Handbill (Flyer) A/5 Size (F/B Printing) | - 650/- |

Qty. - 1000(each)

*With Best Compliments From :*
Kumar Sayani
+91 9820135235
**WINNPLAST**
MANUFACTURERS OF
PLASTIC LIFE STYLE PRODUCTS
Office : 9, Om Ashish Building,
Liberty Garden Road No. 4,
Malad (West), Mumbai - 400 064.
Tel.: 91-22-2880 5757 • Fax : 91-22-2881 6254
E-mail : sales@winnplast.com
Website : www.winnplast.com

Chic Ethnics
**AVNI DESIGNS**
202, Chintamani Kutir,
Plot No. 504, Azad Road,
Near Swami Narayan
Atithi Bhavan,
Vile Parle (East),
Mumbai - 400 057. INDIA
Tel.: 91-22-2613 3184
91-22-2615 3336
91-22-2612 6111
Fax : 91-22-2618 5007
E-mail : avnidesi@vsnl.com
avnidesi@mtnl.net.in
avnidesi@gmail.com
BHARAT SEJPAL
+91-9820426162 / 7738238623
8779618302

## જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરક્યુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમણે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે રૂબરું અથવા ટપાલ દ્વારા યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના મુખપત્ર સંદેશમાં આપના વ્યવસાયની અથવા સૌજન્યની જાહેરખબર આપી જ્ઞાતિના કાર્યમાં સહભાગી થવા વિનંતી. વિઝીટીંગ કાર્ડના માપની જાહેરખબર પણ આ અંકથી સ્વીકારવાની શરૂ કરેલ છે.

## જાહેર ખબરના દર

| | |
|---|---|
| ફૂલ પેજ | - ૧૦,૦૦૦/- |
| હાફ પેજ | - ૬,૦૦૦/- |
| ક્વાર્ટર પેજ | - ૩,૦૦૦/- |
| વિઝીટીંગ કાર્ડ | - ૫૦૦/- |

## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.
૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.
૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.
૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.
૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.

# ચક્ષુદાન, ચર્મદાન, દેહદાન

આજના યુગમાં ચક્ષુદાન, ચર્મદાન તથા દેહદાનને ઘણું જ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. આપણે અન્નદાન, વિદ્યાદાન, અર્થદાન, વસ્ત્રદાન વગેરે જેવા દાન તો કરીયે જ છીએ. પરંતુ આ બધા જ દાનોમાં પ્રકાશદાન, જીવનદાન અને આરોગ્યદાનનું એક આગવું જ મહત્વ છે.

ચક્ષુદાનથી સામેની વ્યક્તિના જીવનમાં આપણે પ્રકાશ પાથરીએ છીએ. ચર્મદાનથી આપણે તેમના જીવનમાં આત્મશક્તિ અને માનસિક શક્તિ વધારીએ છીએ. દેહદાનથી સામેની વ્યક્તિના જીવનને એક નવું આરોગ્યપ્રદ જીવન બક્ષીએ છીએ.

દુઃખ એ છે કે ઘણી રૂઢિચુસ્ત માન્યતાઓને લીધે આપણે ચક્ષુદાન, ચર્મદાન અને દેહદાન માટે પ્રેરીત થતા નથી. આ ત્રણેય દાન મનુષ્ય મૃત્યુ પછી જ કરી શકે છે. તેમાં પીડાનો તો સવાલ જ નથી પરંતુ એક વ્યક્તિને નવજીવન ચોક્કસ મળે છે.

ચક્ષુદાન તથા ચર્મદાનની પ્રક્રિયા બહુ સરળ છે. તે મૃતવ્યક્તિના ઘરે અથવા સરકારી હોસ્પિટલમાં થઈ શકે છે. ફક્ત નજીકની ચક્ષુબેંક અથવા ચર્મબેંકને ફોન કરવાનો હોય છે. ડૉકટરોની તથા પેરામેડીકલની ટીમ મૃતદેહ હોય ત્યાં પહોંચી જાય છે. જરૂરી કાર્યવાહી કરી અવયવ પોતાની સાથે લઈ જાય છે. અને જરૂરતમંદ સુધી પહોંચાડે છે.

આ માટે કેટલીક મહત્વની વાતો જાણવી જરૂરી છે.

૧) ૬ કલાકનો સમયગાળો બન્ને અવયવોના ડોનેશન માટે ખૂબ જ અગત્યનો છે.
૨) ડૉકટરના આવ્યા પહેલા મૃત વ્યક્તિના માથા નીચે તકિયો મૂકી માથુ અધ્ધર રાખવું.
૩) મૃતદેહની આંખો બંધ કરી તેના ઉપર ભીનું કોટન (રૂ) મુકવું.
૪) પંખાઓ બંધ કરી દેવા.
૫) મૃતવ્યક્તિનું ડેથ સર્ટીફિકેટ / ડૉકટરનું સર્ટીફિકેટ ઝેરોક્ષ કોપી સાથે તૈયાર રાખવું.

મૃતવ્યક્તિની આંખોને કાઢતા ફક્ત ૧૫(પંદર) મિનિટનો સમય લાગે છે. પછી તેમાં કોટન ભરીને ઉપર પ્લાસ્ટીકનું કવર લગાડવામાં આવે છે. આ આખી પ્રક્રિયા વખતે બીનજરૂરી રક્તસ્ત્રાવ પણ થતો નથી. તે પછી આંખોને આય બેંકમાં લઈ જવામાં આવે છે. તેમાંથી કોર્નિયા છૂટો પાડી ચક્ષુબેંકમાં સ્ટોર કરવામાં આવે છે. આ રીતે મળેલા સ્વસ્થ કોર્નિયાને બીજા અંધ વ્યક્તિની આંખોમાં રોપતા પહેલા દાતાના પરિવારને તેની જાણ કરવામાં આવે છે. અને એક વ્યક્તિના અંધકારમય જીવનમાં પ્રકાશ પથરાય છે.

જો એક વ્યક્તિ ચર્મદાન કરે તો તેનાથી ત્રણ (૩) વ્યક્તિઓની બળેલી ચામડીને બદલી શકાય છે. એક વખત કાઢેલી ચામડી પાંચ(૫) વર્ષ સુધી સ્ટોર કરી શકાય છે. આ પ્રક્રિયામાં બિલકુલ લોહી નીકળતું નથી. ફકત ઉપરના સ્તરની જ ચામડી લેવામાં આવે છે. આ ચામડી પગ, જાંઘ અને જરૂરી હોય તો જ વાંસા પરથી લેવામાં આવે છે.

ચામડી કાઢવાની ક્રિયા ડર્મોટોમ નામના એક મશીન દ્વારા કરવામાં આવે છે. આ ચામડીનો ઉપયોગ જે વ્યક્તિની ચામડી બળી ગઈ હોય તેને માટે થાય છે. આ આખી પ્રક્રિયા સ્નાતક ડર્મેટોલોજીસ્ટ (ચામડીના ડૉકટર) ની હાજરી માં જ થાય છે.

દેહદાન કોઈપણ સરકારી હોસ્પિટલમાં થઈ શકે છે. મેડિકલ લાઈનમાં ભણતા વિદ્યાર્થીઓ આ શરીરથી પ્રેકટીકલ જ્ઞાન મેળવે છે. આમાં દેહદાન કરતાં પહેલા વ્યક્તિ ચક્ષુદાન તથા ચર્મદાન કરી શકે છે.

આપણા દેશમાં હાલના તબક્કે આ જાગૃતિ ખૂબ જ આવશ્યક છે. કારણ ફકત મુંબઈમાં જ વર્ષે ૨૦,૦૦૦ આઈ બોલ્સ કોર્નિયાની જરૂર છે. પણ મળે છે, માત્ર ૩,૦૦૦ કોર્નિયા.

વર્ષે ૨,૦૦૦ લોકોને ચર્મદાનની જરૂર પડે છે. પણ મળે છે માત્ર ૨૨૦ લોકો તરફથી ચર્મદાન. ચક્ષુદાન, ચર્મદાન, દેહદાન માટે તેથી જાગૃત પ્રયત્ન જરૂરી છે.

આ કાર્ય માટે ડૉકટર ગિરીશભાઈ ત્રિવેદી નો ૯૮૨૧૦૮૧૧૩૮ નંબર ઉપર સંપર્ક સાધી શકાશે. અથવા આપની નજીકની આઈ-બેંક, ચર્મ બેંક તથા સરકારી હોસ્પિટલમાં સંપર્ક સાધવા વિનંતી.

**પ્રેરક : ડો.ગીરીશભાઈ ત્રિવેદી      લેખક - રમેશભાઈ ગઢીયા**

## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર પોતાના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૪૫૩૦૦૦૦૬ નંબર પર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.

પ્રસ્તુત અંકમાં પ્રકાશિત લેખો, મંતવ્યો તથા વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. લેખોમાં પ્રકાશિત માહિતીની જવાબદારી લેખ મોકલનારની અને જાહેરખબરમાં પ્રકાશિત માહિતીની જવાબદારી જાહેરખબર કર્તાની રહેશે. આ માટે મહાજનશ્રી, તેના પદાધિકારીઓ, સભ્યો, મુખપત્રના તંત્રી, સહતંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક જવાબદાર રહેશે નહીં.

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ





## ને હાર્દિક શુભેચ્છા

**જનક ચીમનલાલ ઠક્કર**

**સ્મીતા જનક ઠક્કર**

**કપિલ જનક ઠક્કર** **નેહલ કપિલ ઠક્કર**

**હંસલ જનક ઠક્કર** **પ્રિયા હંસલ ઠક્કર**

**આર્યન, માયરા, પુષ્ટી, ધારણ**

**માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)**

**શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)**

## તબીબી સહાય સમિતિ અહેવાલ

જ્ઞાતિના સભ્યોને આજના મોંઘવારીના સમયમાં અને મુશ્કેલી ભરી જીંદગીમાં સાથ-સહકાર આપવાના મહાજનશ્રીના અનેક પ્રયત્નો છે અને તેમાંનો એક ઉમદા પ્રયત્ન એટલે તબીબી સહાય. કે જેથી જ્ઞાતિના સભ્યોનું સ્વાસ્થ્ય સારું રહે તો આપણાં સમાજનું પણ સ્વાસ્થય સારું રહે.

તે માટે વર્ષ એપ્રિલ ૨૦૧૭ થી વર્ષ ડિસેમ્બર ૨૦૧૭ સુધી મહાજનશ્રી દ્વારા ઓષધ સહાય રૂા. ૨,૧૫,૨૯૫/- કરવામાં આવેલ છે. હોસ્પિટલના ખર્ચ રૂપે રૂા. ૩,૪૬,૪૪૬/- શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી કુલ રૂા. ૫,૬૧,૭૪૧/- આપેલ છે.

**- શ્રી પ્રકાશભાઈ મગદાણી** (તબીબી સહાય સમિતિ કન્વીનર)

## શિક્ષણ સહાય સમિતિ અહેવાલ

"**तमसो मा ज्योतिर्गमय**" અર્થાત્ અંધકારથી પ્રકાશ તરફ જવું. - આ પ્રાર્થના ભારતીય સંસ્કૃતિ નો મૂળ સ્તંભ છે. પ્રકાશ થી વ્યકિત સૃષ્ટિને સારી રીતે જોઈ શકે છે. અહીં પ્રકાશનો અર્થ જ્ઞાન થી છે, શિક્ષણથી છે. જ્ઞાનથી જ મનુષ્યના જીવનનો અંધકાર નષ્ટ થાય છે. અને તેમનું વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ થાય છે. પરંતુ આજના મોંઘવારીના જમાનામાં શિક્ષણ પણ દિવસે ને દિવસે મોંઘું થતું જાય છે. અને આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ કે જે આપણી આવનારી આવતીકાલનું ભવિષ્ય છે. તે મોંઘવારીને કારણે શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે મહાજનશ્રી દ્વારા ખાસ કાળજી લેવામાં આવે છે.

એપ્રિલ ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૭ સુધી શ્રી ઘોઘારી લોહાણા મહાજને શાળાની ફી ના રૂા. ૯,૬૪,૪૬૮/-, કલાસ ફી ના રૂા. ૮૭,૫૦૦/-. કુલ રૂા. ૧૦,૫૧,૯૬૮/- આપેલ છે. અને ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટે કોલેજ ફી ના રૂા. ૬,૫૭,૧૮૧/- તથા કલાસ ફી ના રૂા. ૫,૦૮,૮૫૭/-. કુલ રૂા. ૧૧,૬૬,૦૩૮/- બન્ને ટ્રસ્ટ મળીને શિક્ષણ સહાય પેટે કુલ રૂા. ૨૨,૧૮,૦૦૬/- આપેલ છે.

**- કુ. ધર્મીબેન મગદાણી** (શિક્ષણ સહાય સમિતિ કન્વીનર)

## આર્થિક સહાય સમિતિ અહેવાલ


આર્થિક સહાય માટે વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે જે અરજીઓ આવેલ હતી. તેમાંથી ૭૬ પરિવારોના ઘરે અમે આર્થિક સહાય સમિતિના સભ્યો એપ્રિલ, મે અને જૂનમાં વીઝીટ કરવા ગયા હતા. ત્યારે તેમાંથી ૧૮ થી ૨૦ જેટલા પરિવારોની પરિસ્થિતિમાં સુધારાની શરૂઆત થઈ હતી. અમો ત્યારે જ તેઓને જણાવેલ કે, આપના બાળકો ભણી ગણીને પગભર થતા જાય છે. અને તમારી પરિસ્થિતિ સુધરતી જાય છે. તો આપની આર્થિક સહાય આગામી ઓકટોબર ૨૦૧૭ તથા જાન્યુઆરી ૨૦૧૮ થી ઓછી કરવામાં આવશે, અથવા તો બંધ કરવામાં આવશે.

દિવાળીમાં આર્થિક સહાયના સભ્યો જ્યારે મિઠાઈ-ફરસાણ લેવા આવેલ, ત્યારે ફરીથી તેઓને જણાવેલ કે, આપની પરિસ્થિતિ સારી છે. આપના બાળકો પગભર થયા છે. તેઓએ સામેથી પોતાની આર્થિક સહાય ઓછી કરવા કે બંધ કરવા જણાવેલ. અને પરિસ્થિતિ પ્રમાણે આપવામાં આવતી સહાયમાંથી નીચે પ્રમાણે સભ્યો દીઠ રૂા. ૫૦૦/- થી લઈને રૂા. ૩૦૦૦/- સુધીની સહાય ઓછી કરવામાં આવેલ છે, કે બંધ કરવામાં આવે છે.

૭ સભ્યોની મળીને માસીક રૂા. ૧૬,૫૦૦/- પ્રમાણે ત્રણ માસના રૂા. ૪૯,૫૦૦/- ની સહાય ઓછી કરવામાં આવેલ છે. ૯ સભ્યોની મળીને માસિક રૂા. ૧૧,૫૦૦/- પ્રમાણે ત્રણ માસના રૂા. ૩૪,૫૦૦/- ની સહાય બંધ કરવામાં આવેલ છે. એક સભ્યની તાકીદની જરૂરિયાત પર ધ્યાન આપતા મહાજને તેને પ્રતિમાસ રૂા. ૨,૦૦૦/- લેખે ઓકટોબર ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૭ સુધી કુલ રૂપિયા ૬,૦૦૦/- મંજુર કર્યા છે. આમ કુલ રૂપિયા ૪૯,૫૦૦/- + ૩૪,૫૦૦ = રૂપિયા ૮૪,૦૦૦/- ત્રણ માસની સહાય ઓછી કરેલ છે. અને તાકીદની જરૂરિયાતવાળી અરજી પેટે રૂા. ૬,૦૦૦/- ત્રણ માસનો વધારો આમ કુલ રૂપિયા ૭૮,૦૦૦/- ત્રણ માસના અને રૂપિયા ૨૬,૦૦૦/- માસિક આર્થિક સહાય પેટે ઓછા આપવાના થશે.

અમો આર્થિક સહાય મેળવતા પરિવારોના સંપર્કમાં છીએ. અને તેઓની પરિસ્થિતિ પ્રમાણે તેમની સહમતીથી ઘટતુ કરવામાં આવશે.

**- શ્રી મનોજભાઈ ગઢીયા (આર્થિક સહાય સમિતિ કન્વીનર)**


With Best Compliments From :
Maganbhai N. Savani
Ashwinbhai M. Savani
Kunal A. Savani
Bhavin A. Savani
INTERNATIONAL FILMS DISTRIBUTERS
(INDIA) PVT. LTD.
THE LEADING INDIAN FEATURE FILMS EXPORTERS FOR THE LAST 60 YEAR
5/8, Feltham House, 2nd Floor, 10, J. N. Heredia Road,
Ballard Estate, Mumbai - 400 001.
Tel.: 91-2262 1414 - Fax : 91-2262 0404
E-mail : ashwin@bhavinintl.com
bhavin@bhavainintl.com - kunal@kstyles.co.in

# ધર્મ સંદેશ

એક પીડિત રોગી વ્યકિત હતો. તે પોતાના રોગ યુક્ત શરીરથી ખૂબ જ પીડિત તથા વ્યથિત હતો. તેના રોગને ઘણો જ સમય થયો હતો અને હવે તે વ્યક્તિની ધીરજનો અંત આવ્યો હતો. એક સમી સાંજે તે વ્યક્તિ ઈશ્વરના ફોટા સમક્ષ હાથ જોડી અને બોલ્યા, "હે પરમાત્મા, હવે તો હું આ રોગિષ્ટ જીવનથી ત્રાસી ગયો છું. અને આજે મારા જીવનનો અંત લાવીશ જ." બરોબર એજ વખતે પરમાત્મા એ ફોટા માંથી પ્રગટ થયા અને એ રોગીષ્ટ વ્યક્તિના માથા પર હાથ મૂકયો, જેવો હાથ મૂકયો કે તરત જ એ શાંત થઈ ગયો, એનું મન એકદમ શાંતિનો અનુભવ કરવા લાગ્યું. એની વેદના શમી ગઈ. એણે નેત્રો ખોલ્યા તો સામે પરમેશ્વરના દર્શન થયા. પરમાત્મા એ કહ્યું કે, "હું વિચરણ કરતો હતો અને સંધ્યા સમયે તારો અવાજ સાંભળીને અહી આવ્યો છું. બોલ તારી શું ઈચ્છા છે?" તે વ્યક્તિ કંઈ જ બોલી ન શકયો. એકદમ જ આશ્ચર્ય ચકિત થઈને પરમાત્માને નિહાળી રહ્યો. પ્રભુ હસ્યા અને ફરીથી એને પ્રશ્ન કર્યો કે, "બોલ તારી શી ઈચ્છા છે?" તે વ્યકિત પ્રભુના ચરણોમાં નમન કરીને ઊભો થયો અને બોલ્યો, " પ્રભુ મને ફકત એક સવાલનો જવાબ નથી મળતો." પ્રભુએ મંદ સ્મિત કર્યું અને બોલ્યા કે, "પ્રશ્ન બોલ." ભક્ત બોલ્યો હે પ્રભુ, "તમે સુખ તો બનાવ્યું પરંતુ સાથે સાથે દુઃખનું નિર્માણ શા માટે કર્યુ? ફકત સુખ જ બનાવ્યું હોત તો શું વાંધો હતો?" પ્રભુ શાંત બની ક્ષણવાર ઉભા રહ્યા અને પછી એ ભક્તને પૂછ્યું હે વત્સ, "આ આકાશ જોઈને તને શું અનુભૂતિ થાય છે?" ભક્ત બોલ્યો, "પ્રભુ આ આકાશ, એમાં રહેલા વાદળા, સૂર્ય, ચંદ્ર, તારાઓ આ બધું જોઈને ખુબ જ આનંદની લાગણી થાય છે. આનો રચયિતા કેટલો સુંદર અને અદ્ભુત હશે!" આનંદ, આનંદ થઈ જાય છે." પ્રભુ ફરીથી બોલ્યા, "આ પર્વતો, નદી, વર્ષા, જલ, જળચર, વનસ્પતિ આ બધું જોઈને શું લાગણી થાય છે?" ભક્ત બોલ્યો, "પ્રભુ આ પર્વત જોઈને વિશાળતા અનુભવું છું. આ નદી જોઈને તેનું પાણી, તેના વહેણનો અવાજ આ બધું જોઈ, સાંભળીને મન પ્રફુલ્લિત થઈ જાય છે. આનંદ થઈ જાય છે. આ વનસ્પતિઓ આ જળચર જીવો વગેરે જોઈને મન ગદગદિત થઈ જાય છે. શું દિવ્ય રચના છે. પ્રભુ. આનંદ આનંદ થઈ જાય છે." પ્રભુ બોલ્યા, "આ પશુ-પક્ષી-ફળ-ફુલ આ બધુ જોઈ શું અનુભૂતિ થાય છે?" ભક્ત બોલ્યો, "પ્રભુ જાત-જાતના પશુ જોઈને મન પ્રસન્ન થઈ જાય છે. શું અદભુત લીલા છે. પક્ષીઓના કલરવથી મન ભાવ વિભોર બની જાય છે. મન આનંદિત થઈ જાય છે. પ્રભુ આ અદભુત ફળો, તેના સ્વાદ, મીઠો મધુરો રસ આત્માને પ્રસન્ન કરી દે છે. આ રંગબેરંગી ફૂલો, તેના રંગો, તેની વિવિધ સુગંધો મનને અલૌકિકતાથી ભરી દે છે. અને મન પ્રફુલ્લિત થઈ જાય છે. શું અદ્ભુત લીલા છે. પ્રભુ, આનંદ, આનંદ થઈ જાય છે." હવે પ્રભુ હસે છે અને ભક્તને પ્રશ્ન કરે છે, કે, "મારા અત્યાર સુધી રચેલા દરેક પદાર્થો તને ફકત આનંદ અને સુખની અનુભૂતિ કરાવે છે તેમ તે જ કહ્યું તો હવે એ કહે કે મેં દુઃખ નિર્માણ કર્યું? ના મેં તો ફકત અને ફકત નિર્દોષ આનંદ અને સુખનું જ નિર્માણ કર્યું છે. દુઃખનો નિર્માતા તું પોતે જ છે. તમે મનુષ્યો તમારી જાતે જ વ્યથા, પીડા, દુઃખ, સંતાપ વગેરે ઉભા કરો છો અને દોષી મને ગણો છો? મને કહે કે મેં ફકત આનંદ અને સુખનું જ નિર્માણ કર્યુ હોય તો હું શી રીતે દોષી ગણાઉં?"

ભક્ત સમજી ગયો એ ગદગદીત થઈને પ્રભુને ચરણે પડયો અને ક્ષણવાર પછી ઉઠયો તો સામે પ્રભુજીનું ચિત્ર સ્મિત કરતું શોભતું હતું, તે પોતાની બધી જ પીડાઓ વિસરી ગયો અને પ્રસન્ન રોજીંદી જીવનની ઘટમાળામાં લાગી ગયો.

**– રમેશ ગઢીયા**

## અભિનંદન !




**ચિ. પ્રિયાન જયરાજભાઈ ઠક્કર**

આપણા મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરના ભાઈ શ્રી હર્ષદભાઈ ઠક્કરના પૌત્ર તથા આપણી ક્રિકેટ ટીમના સભ્ય શ્રી જયરાજભાઈ ઠક્કરના પુત્ર ચિ. પ્રિયાન ઠક્કર ૧૧(અગિયાર) વર્ષની અંદરના બાળકોની સ્કવૉશ ટૂર્નામેન્ટમાં રનર અપ વિજેતા ઘોષિત થયા છે. આ ટૂર્નામેન્ટ ૧૪મી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે ખાર જીમખાના મુંબઈ ખાતે રમાઈ હતી.

આપણી સમસ્ત જ્ઞાતિ તરફથી ચિ. પ્રિયાનને ખૂબ ખૂબ અભિનંદન !

GLOBAL

Seasons Greetings

with Best Compliments from:

Indira & Hirabhai Vithalani

Global Aviation Services Pvt Ltd
Global Airport & Ground Services Pvt Ltd
JTB Jupiter Express Services Pvt Ltd
JTB Travels Pvt Ltd
Global Leisure
BigSpring
Cosmic Heart Gallery
Global Agritech I Pvt Ltd

# વડલો

ઈશુના નવિન વર્ષની શરૂઆતનો પ્રથમ રવિવાર, તારીખ ૭.૧.૨૦૧૮ વડલો સભ્યો માટે આનંદ અને ઉલ્હાસ લઈને આવ્યો. આપણા મહાજનના હોલમાં તેમના માટે બહુરંગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. પ્રથમ જ વખત પેપરલેસ સરક્યુલરનો પ્રયોગ કર્યો. સભ્યોનું એક ગ્રુપ બનાવ્યું અને જેટલાં નામોના વૉટસ અપ નંબર હતા. તેમને એસ.એમ.એસ. દ્વારા કાર્યક્રમની જાણ કરાઈ. અપેક્ષીત ૫૫ મેમ્બરની અવેજીમાં ૭૦(સીતેર) મેમ્બરો ઉપસ્થિત રહ્યા.

શ્રી ભદ્રેશભાઈ સોમૈયા દ્વારા કાર્યક્રમની શરૂઆત આપણા રાષ્ટ્રગીત ''જન ગણ મન'' દ્વારા થઈ. જેને દરેક સભ્યોએ ઉભા થઈને આદર આપ્યો. ત્યારબાદ શ્રી રામભાઈ ગઢિયા દ્વારા શ્રી ગણેશ વંદના, શ્રી વિષ્ણુ સ્તુતિ તથા ગુરૂ વંદન સ્તુતિથી કાર્યક્રમનો આરંભ થયો. આવેલ વડિલ સભ્યોનું સ્વાગત કર્યું.

કાર્યક્રમની શરૂઆત મહાભારત તથા રામાયણની કિવઝથી થઈ. જેનો ઉપસ્થિત સભ્યોએ ઉતર આપતા તેઓને માટે ઈનામની જાહેરાત થઈ. એ પછી ૨૦ મીનીટના વિરામમાં સભ્યોને ઠંડા વાતાવરણમાં ગરમ ગરમ હૂંફાળી ચા તથા કોફીનો બ્રેક અપાયો. ૨૦ મીનીટ પછી પાછી કાર્યક્રમની શરૂઆત થઈ. જેમાં શ્રી ભદ્રેશભાઈ સોમૈયા તથા તેમના ધર્મપત્ની શ્રીમતી માધવીબેન સોમૈયા દ્વારા હાઉઝીની રમત રમાડાઈ. જેમાં ૫(પાંચ) વિજેતાઓ જાહેર થતાં તેમના ઈનામોની જાહેરાત કરવામાં આવી. અંતમાં વાતાવરણને હળવું અને રસભર્યું બનાવવા ફિલ્મી કવીઝની શરૂઆત થઈ. જેમાં ચાર - ચાર સભ્યોની ૨(બે) ટીમ પંસદ કરાઈ. અને તેમને પ્રશ્નો પુછાયા. જેમાં એક ટીમને વિજેતા ધોષિત કરાઈ. અને તેમના ઈનામો જાહેર થયા.

કાર્યક્રમ દરમ્યાન શ્રી ભદ્રેશભાઈ સોમૈયાએ ઉપસ્થિત સભ્યોને અપિલ કરી, કે દરેક વખતના કાર્યક્રમમાં ચા-પાણી, નાસ્તો અથવા હળવા ભોજનની વ્યવસ્થા હોય છે. સાથો સાથ ઈનામોનું પણ વિતરણ થતું હોય છે. જે સભ્યને પોતાના તરફથી સ્વૈચ્છિક અનુદાનની જાહેરાત કરવી હોય તે કરી શકે છે.

શ્રી રામભાઈ ગઢીયાએ જાહેરાત કરી કે, જે સભ્યો એ પોતાના ફોર્મ ભરી ને ન આપ્યા હોય તેમણે જરૂરી દસ્તાવેજ તથા ફોટા સાથે ફોર્મ ભરીને ઓફિસમાં આપી દેવા. અને પર્યાવરણ બચાવ પેટે પેપરલેસ સરક્યુલર અપનાવવું. દરેક સભ્યોને પોતાના વૉટસ અપ નંબર નોંધાવવા જણાવ્યું.

કાયક્રમમાં ઉપસ્થિત એક સભ્ય શ્રી મુકેશભાઈ ઠક્કરે **(C.A.)** જાહેરાત કરી કે, ગુજરાતી ચલચિત્ર - **''ચલ મન મળવા જઈએ''** એ એવું ચલચિત્ર છે. જે દરેક વ્યકિતએ કુટંબના સભ્યો સાથે જોવા જેવું છે. તેમણે આ આયોજનમાં મદદરૂપ થવાની તૈયારી બતાવતા સભ્યોએ તેમને તાળીથી વધાવી લીધા. શ્રી રજનીભાઈ નંદલાલ ગઢીયા, શ્રી કિશોરભાઈ કાકુભાઈ વજાણી તથા શ્રી વિદ્યુતભાઈ સાયતા એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને પ્રેરકબળ પુરું પાડયું.

અધિક માસમાં એક દિવસીય યાત્રાનું આયોજન નક્કી કરાયું. જેમાં ઉપસ્થિત સભ્યોની બહુમતીથી નાસિકમાં ગોદાવરી સ્નાન નો કાર્યક્રમ નક્કી થયો. આ કાર્યક્રમની જાહેરાત થતા જ શ્રી રજનીભાઈ નંદલાલ ગઢીયા તથા શ્રી કિશોરભાઈ કાકુભાઈ વજાણીએ સંયુકત રીતે મેમ્બરોના જમવાનો તથા ચા-પાણી, નાસ્તાના ખર્ચના અનુદાનની જાહેરાત કરી. જેણે ઉપસ્થિત સભ્યોએ તાળીના ગડગડાટથી વધાવી લીધી.

ત્યાર બાદ, જીતેલા સભ્યોને મંચ પર ઉપસ્થિત સભ્યો દ્વારા ઈનામોનું વિતરણ થયું. ઈનામો શ્રી ભદ્રેશભાઈ સોમૈયા તરફથી સ્પોન્સર કરાયા હતાં. અંતમાં શ્રી રામભાઈ ગઢીયા દ્વારા આભારવિધી બાદ પૂર્ણમદઃ શ્લોકથી કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ. ત્યારબાદ સભ્યોને ઈડલી, મેદુંવડા, ચટણી-સાંભાર તથા ગુલાબજાંબુનો અલ્પાહાર અપાયો. અને સૌ આનંદિત ચહેરે છૂટા પડયાં. તે ઉપરાંત વર્ષ દરમ્યાન થનારા કાર્યક્રમોની આગોતરી જાણ સભ્યોને સમય-સમય પર થતી રહેશે તેમ જાહેરાત કરી.

**- હસમુખભાઈ વજાણી**






Ramesh R. Thakkar (Vasani) Varun R. Vasani Leepi V. Vasani

R. R. THAKKAR & CO.

R. R. Thakkar Securities

R. R. Horizone Pvt. Ltd.

Vrajkamal Develpoer's Pvt. Ltd.

R. R. Exports

Riddhi Palace, Near McDonald's, Opp. Kora Kendra Ground, S. V. Road, Borivali (West),
Mumbai - 400 092. **Ph.: 91-22-2898 2748 / 2898 4596 / 2899 1633**
**Fax : 91-22-2899 8121 • E-mail : jaijalaram@vsnl.net**

JATIN V. POPAT
Cell : 9223432745

MITHUN J. THAKKAR
Cell : 9223508909
9820004830

HETAL CHEM IMPEX
PRABHAT TRADING CO.

Importers & Dealears In Chemicals & Solvents

**Off.:** New Anant Bhuvan, Office No. 306, 3rd Floor,
257/265, Narshi Natha Street, Bhat Bazar,
Masjid Bunder (West), Mumbai - 400 009. INDIA
**Tel.: (O) 91 - 22 - 49032121**
**Fax : 91 - 22 - 4903 2131 / 4903 2132**
**E-mail : sales@hetalchem.com**
**Website : www.hetalchem.com**

II Shri Ganeshya Namah II

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

Rajendra Raichura

Chief Life Insurance Advisor

Authorised to Collect Premium
Authorised to Appoint Advisor

3/11, Senum, Jeevan Vikas Kendra Marg,
Vile Parle (East), Mumbai - 400 057.
**Tel.: 022 - 26837296**
**E-mail : bimaa4u@gmail.com**
**Mobile : 98692 65309 / 98200 23759**

# યોગોપચાર

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. સીધી કે આડકતરી રીતે એકબીજા પર આધારિત છે. છતાં પણ એકબીજાથી એકદમ અલગ છે. માટે તેમણે પોતાની જાતને સમજવી ખૂબ જ જરૂરી છે. પોતાના જીવનને સાર્થક બનાવવા જીવનમાં કંઈક પામવા, શુધ્ધ આનંદની અનુભૂતિ મેળવવા યોગના મૂળભૂત ચાર આધાર સ્તંભ સમજવા ખૂબ જ જરૂરી છે. મનુષ્ય જીવનરૂપી ખુરશીના આ ચાર પાયા મજબુત નહી હોય તો જીવન રૂપી ખુરશી સારી રીતે ઉભી નહીં રહી શકે. અને મનુષ્ય સ્વસ્થ જીવન નહીં જીવી શકે. તો આજે આપણે મનુષ્ય જીવનના આ ચાર સ્તંભ માંથી એક સ્તંભ આહાર વિશે સમજવાનો પ્રયત્ન કરીશું.

મનુષ્ય હવા, પાણી કે આહાર વગર જીવીત નથી રહી શકતો. પુરાણોમાં આપણા યોગીઓએ જીવનમાં આને ખૂબ જ મહત્વ આપ્યું છે. ખાસ કરીને તેમણે ખોરાકના ગુણ અને માત્રા પર વિશેષ ધ્યાન આપવાનું સુચવ્યું છે. અને જો તેમાં થોડી પણ બેદરકારી દેખાડી તો શરીરમાં રોગોની શરૂઆત થવા માંડે છે. આપણી સૃષ્ટિ ત્રણ તત્વોની બનેલી છે. ૧) સાત્વિક ૨) રાજસિક અને ૩) તામસિક, જેને ગુણ કહેવામાં આવે છે. આ ત્રણે તત્વો આપણા ભોજનમાં પણ જોવા મળે છે. અને એ આપણા મન પર પણ પ્રભાવ પાડે છે.

**સાત્વિક આહાર** - એવો આહાર જે આપણને શક્તિ અને સ્ફુર્તિ આપે. અને તેને આરોગવાથી આપણે શાંત, સંતુષ્ટ અને ખુશ રહીએ. સાત્વિક આહાર એટલે જે પ્રાકૃતિક હોય અને સરળતાથી પચી જાય તેવો હોવો જોઈએ. દાત : દૂધ, દહીં, પનીર, ઘી, ફળો, સુકામેવા, મોસમી ફળો અને શાકભાજી, અનાજ, દાળો, અંકુરિત અનાજ, મધ, ગોળ, મિશ્રી વગેરે... વગેરે...

**રાજસિક આહાર** - એવો ખોરાક જે જલ્દી થી પચતો નથી અને જેને આરોગવાથી કફ અને ગેસ પેદા થાય છે. આવા ભોજનથી મનુષ્ય પરેશાન, અશાંત, બેચેન અને ક્રોધિત રહે છે. આવા ખોરાકનો ઉપયોગ ઠંડા પ્રદેશમાં રહેતાં લોકો અને શારીરિક પરિશ્રમ કરતાં લોકો કરી શકે છે. દાત : સફેદ ચણા, તુવેર દાળ, અડદ દાળ, કાંદા, લસણ, માંસાહાર, મરી, ગરમ મસાલા, મીઠાઈઓ વગેરે...

**તામસિક આહાર** - એવો ખોરાક જે ૨૪ કલાક કરતા વધુ સમયથી રાખેલો વાસી ખોરાક, લાંબો સમયથી ફ્રિજમાં મૂકી રાખેલો ખોરાક તથા જંક ભોજન. આવા પ્રકારનો ખોરાક પચવામાં ભારે અને પૌષ્ટિક તત્વો રહીત હોય છે. આવા પ્રકારના ભોજનથી શક્તિ ન મળતા સુસ્તી અનુભવાય છે. મગજ પણ એકદમ મંદગતિથી કામ કરે છે. તામસિક ખોરાક જેવા કે ચા, કોફી, ચોકલેટ, માદક દ્રવ્યો, સાકર, આયોડાઈઝડ, મીઠું, મેંદો, બ્રેડ, બિસ્કીટ, પીઝા, ઠંડાપીણાં કે જેને લાંબા સમય સુધી સાચવવા રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ થાય છે. તો આથી એ સમજવું ખૂબ જ જરૂરી છે કે, શું ખાવું, ક્યારે ખાવું, કેટલું ખાવું અને કેવી રીતે ખાવું. સ્વસ્થ જીવન જીવવા માટે સાત્વિક ભોજન ખૂબ જ જરૂરી છે, કે જે ખૂબ જ સરળતાથી પચી જાય.

તો શું ખાવું? સરળતાથી પચી જાય તેવું ખાવું. ક્યારે ખાવું? દિવસમાં ચાર ટંક ખાવુ જરૂરી છે. સવારનો નાસ્તો, બપોરનું જમણ, સાંજનો નાસ્તો અને રાતનું જમણ. કેટલુ ખાવું? ખોરાક એટલો જ ખાવો કે જેથી અડધુ જ પેટ ભરાય કારણ કે ખોરાકને સારી રીતે પચવા માટે પેટમાં તેનું ઘુમવું જરૂરી છે. તો અડધુ જ પેટ ભરાય તેટલો ખોરાક ખાવો જોઈએ. કેવી રીતે ખાવું? ચાવી ચાવી ને ધીરે ધીરે ખાવું જરૂરી છે. અને બની શકે તો ટી.વી. કે કૉમ્પ્યુટર સામે બેસીને ન ખાવું.

આમ જો ફકત થોડી બાબતોનું ધ્યાન રાખીને જીવનના મુખ્ય આધાર સ્તંભનો પહેલો સ્તંભ આહાર પર ધ્યાન આપીશું તો સ્વસ્થ જીવન જીવી શકીશું. અને ઈશ્વરે આપેલ આ સર્વોતમ ભેટ આપણા શરીરને સ્વસ્થ રાખી પરોપકાર અર્થે જીવન જીવી શકીશું.

આપણી સંસ્થાના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીના સૂચનથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વેસ્ટ) મધ્યે યોગાભ્યાસ શરૂ કરેલ છે. વધુ વિગત માટે સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક કરવા વિનંતી.

**- શ્રીમતી મીના મગદાણી**

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા મહાજનશ્રીએ ઠરાવેલ વિસ્તાર મુજબના જ્ઞાતિજનોને આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તથા સ્વાસ્થ્ય (મેડિકલ) સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ન સહાય પણ આપવામાં આવે છે.

જે પણ સભ્યોને એપ્રિલ ૨૦૧૮ થી એપ્રિલ ૨૦૧૯ માર્ચ સુધી કોઈપણ સહાય જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી વગેરે લેવી હોય તેમણે **KYM** ફોર્મ પુરૂં ભરીને નીચે જણાવેલ બધા જ ડોકયુમેન્ટ સાથે મહાજનશ્રીની ઓફિસમાં તારીખ ૨૮.૨.૨૦૧૮ સુધીમાં જમા કરાવવા. જે માટેના જરૂરી ફોર્મ આપણી અંધેરીની વાડીના કાર્યાલયમાંથી પૂર્ણ વિગત સાથે ભરી જરૂરી દસ્તાવેજો સાથે ઓફિસમાં આપી જવા. સંપર્ક માટે નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. ઓફિસ - ૦૨૨ - ૨૬૨૮૩૭૧૫, મોબાઈલ - ૯૯૮૭૨ ૪૦૪૦૪.

૧) છેલ્લા છ મહિનાના ઈલેકટ્રીક બીલ.
૨) છેલ્લા છ મહિનાના ટેલિફોનના બીલ.
૩) છેલ્લા છ મહિનાના મેઈનટેનન્સ બીલ.
૪) ઘરના દરેકે દરેક સભ્યોની છેલ્લા છ મહિનાની પાસ બુક.
૫) પેનકાર્ડ અને આધાર કાર્ડની કોપી.
૬) સેલેરી સર્ટીફિકેટ અથવા **ITR** ની કોપી.

**નોંધ** : ઉપર જણાવેલ ડોક્યુમેન્ટમાંથી કોઈપણ ડોકયુમેન્ટ નહી હોય તો અથવા ફોર્મમાં પૂરી વિગતો નહીં ભરાઈ હોય તો ફોર્મ રદ બાતલ ગણાશે.


BEST WISHES
FROM
RASHMI & SATISH
VITHALANI
A touch of Art to turn
the ordinary into extraordinary.
When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.
OUR PRODUCT RANGE
Glass Seed Beads
Pressed Glass Beads
Fire Polished Faceted Glass Beads
Machine Cut Glass Beads
Machine Cut Loch Roses
Machine Cut Chaton Roses (Hotfix)
Machine Cut Chatons
Brilliant / Extra Brilliant Chatons
Fire Polished Moulded Chatons
Cup Chains
Sew on Cups
Art Group's products help embellish
Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings
Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear
Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.
Parent Brand
KRUPA
ART GROUP
Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com

# શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી-પાર્લા)

શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી-પાર્લા) દ્વારા રવિવાર, તારીખ ૧૨.૧૧.૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી ખાતે સ્નેહ મિલનનો કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો અને હવે પછીના સંસ્થાના કાર્યક્રમો આ પ્રમાણે છે.

**કાર્યક્રમ નં. - ૧ : એક દિવસીય પર્યટન**

કેશવસૃષ્ટિ - ગ્લોબલ વિપાસના પેગોડા,
ગોરાઈ વિલેજ, બોરીવલી

**કાર્યક્રમ નં. - ૨ : હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ**

ફેબ્રુઆરી - ૨૦૧૮ દરમ્યાન આયોજન
કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

**કાર્યક્રમ નં. - ૩ : ૨૦મો સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ**

એપ્રિલ ૨૦૧૮ દરમ્યાન આયોજન કરવાનું
નક્કી કરવામાં આવેલ છે.

**કાર્યક્રમ નં. - ૪ : અધિકમાસ નિમિત્તે વિષ્ણુ યાગ (હવન)**

સ્થળ : ચતવાણી બાગ, ગોખલે રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ.
રવિવાર, તા. ૨૭.૫.૨૦૧૮, સમય : બપોરે ૩.૦૦ કલાકે
નક્કી કરવામાં આવેલ છે.

**વધુ વિગત માટે સંપર્ક**

| | |
|---|---|
| શ્રીમતી જ્યોતિબેન ઠક્કર - ૯૯૬૭૬૪૫૫૫૧ | શ્રીમતી મીરાબેન કેસરીયા - ૯૮૨૦૧૬૧૧૧૭ |
| શ્રીમતી અનસુયાબેન ઠક્કર - ૯૩૨૨૨૬૦૫૧૪ | શ્રીમાન જયેન્દ્રભાઈ પોપટ - ૯૩૨૩૪૦૮૫૭૭ |

# રમત - ગમત સમિતિ

મનુષ્ય માટે સારું સ્વાસ્થ્ય અત્યંત આવશ્યક છે. વૈદિક કાળથી જ આપણા પૂર્વજોએ નિરોગી કાયા અર્થાત સ્વસ્થ શરીરને પ્રમુખ સ્થાન આપ્યું છે. શિક્ષણ અને વ્યાયામ મનુષ્યના સર્વાંગીણ વિકાસ માટે સહાયક છે. રમત - ગમતના ક્ષેત્રે પણ આપણી સંસ્થા પૂરતી તકેદારી લઈ રહી છે. ફેબ્રુઆરી ૨૦૧૮ માં કાંદિવલી પોઈસર જીમખાનામાં મીડ-ડે કપ ક્રિકેટ મેચ રમાવાની છે. જેમાં આપણી ટીમ પણ ભાગ લેવાની છે.


નિશીત વસાણી


મીત રાજપોપટ


હાર્દિક ઠક્કર





નિમેશ પુજારા


જયરાજ ઠક્કર



મુંબઈ સહ મહારાષ્ટ્ર અને કચ્છની ટીમ વચ્ચે રમાયેલ રઘુવંશી ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કચ્છની ટીમ સામે આપણી ટીમ વિજેતા થઈ અને ટ્રોફિ જીતી. આ ટૂર્નામેન્ટમાં આપણા પ્લેયર પ્રશાંત કારિયાએ ૫૦(પંચાસ) રન બનાવ્યા હતા.



MUMBAI'S BIGGEST FURNISHINGS SHOWROOM

ESTD. 1971

OSAKA™

SPIRIT OF FURNISHINGS

OSAKA FURNISHINGS LIMITED

www.osakafurnishings.com

Most trusted name since 1971 for exclusive furnishings and home linen.
More than 1 lac satisfied customers from world over.
All major brands available

SOFA FABRICS - CURTAIN FABRICS - UPHOLSTERIES - READY-MADE CURTAINS - LINEN
MATTRESSES - DESIGNER BEDSHEETS - CARPETS - PILLOWS - CUSHION COVERS

MAKE TO ORDER SOFA SETS & STITCHING FACILITY AVAILABLE.
EXCLUSIVE PACKAGES FOR INTERIOR DESIGNERS, BUILDERS & NEW HOME BUYERS

*Conditions apply



we are looking for young people from our community for career opportunity with us
in slaes and marketing - pls call on 9769625425

| Vile Parle (W) | Borivali (W) | Virar (W) | Rajkot (W) |
|---|---|---|---|
| Opp Mc Donald, Nirmal, Dashrathlal Joshi Marg. | Next to Poiser Bus Depot, S.V. Road. | Yeshwant Vihar Complex, Near M.G.M. School, Bolinj Road. | Destination Plus, Amin Marg (Sunday Close) |
| Tel : 26146008 / 26122124 | Tel : 28612945 /46/55/56/59 | Tel : 0250- 2511009, 9028002929 | Mob : 09227263513 |

# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Aroya Bhavan

Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.

Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose



### Key features

*14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
*2 Air conditioned Ban quet halls measuring about 4000 sq.ft. each.
*Room char ges per day - Rs 1950/- plus taxes for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner.
*Extra person in room - Rs 800/-plus taxes for each pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner. (maximum 2 pax)
*Room for Lohana communit y - Rs 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner and Extra person in room - Rs. 500/- plus taxes for each pax.

For information & reservation

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003
Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724
Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org



Posting Date 3th of every 3 month Posted At Mumbai Patroka Channel Shorting Office Mumbai - 400 001. on Dt. 27.01.2018


To,


**From :**

**Shree Ghoghari Lohana Mahajan - Mumbai**
Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.

On behalf of Shree Ghoghari Lohana Mahajan - Mumbai Printed & Published by Shri Satish Dhirajlal Vithalani and Edited by Ramesh Harilal Gadhia and Printed at Vishal Thakkar - Thakkar Creation, 1, New Jalaram Niketan, M. D. Corss Road, Kandivali (E), Mumbai - 400 101. Mob.: 9869287966 & Published at Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.